# પાલિતાણાવાળા શાહ પરિવારના
# આઈ શ્રી ખોડિયાર માઁ

આપણા કુટુંબમાં કુળદેવી તરીકે ‘આઈ શ્રી ખોડિયાર માઁ’ પૂજાય છે. તેમનું મૂળ સ્થાનક હણોલ, પાલિતાણાથી ઘોડીઢાળના રસ્તે બસ સ્ટેન્ડ પાસે વાવની બાજુમાં આવેલું છે. આપણાં કુળદેવીના નિવેદ વરસમાં બે વખત આવે છે. ચૈત્ર સુદ–૯ અને આસો સુદી–૯.

નિવેદ :– નિવેદ ના સમયે પાટલા ઉપર સાત વાટનો દીવો કરવો. નિવેદમાં સવા પાલીની લાપસી, ત્રણ પીપળાના પાન, સવા રૂપિયો અને સોપારી લેવી. ત્રણ પાનનાં વચ્ચેનાં પાનમાં ત્રિશુળ તથા આજુબાજુના પાનમાં ચાંદલા કરવા. લાપસીની સાત ઢગલી કરવી. તેમજ સાત શ્રીફળ વધેરવા. તેમજ પાણીની ત્રણ ધારાવાડી માતાજીની જમણી બાજુથી ડાબી બાજુ એમ આપવી. પછી લાપસીનો ટોપ માથે ચઢાવવો. અને હવેથી લાપસી બહાર લઈ જવાની માએ રજા આપેલ છે. જેથી ચોખ્ખાઈ હોય તે વાપરી શકે નહીં તો ગાયને ખવડાવી દેવી. નિવેદની લાપસી પૂરેપૂરી રાંધવી. કોરૂ જારવું નહીં.

(૨) ઘરમાં દીકરાના લગ્ન હોય ત્યારે બે વાર નિવેદ કરવા.

(૧) માંડવાના : હાલમાં સમય પ્રમાણે લગ્ન લખાયા પછી લગ્ન સુધીમાં કોઈ પણ દિવસે નિવેદ કરી લેવા. તે વખતે નિવેદમાં સવા રૂપિયો મુકવો.

(૨) દીકરો પરણીને ઘરે આવે ત્યારે વહુને માંડવેતર કરાવીને નિવેદ જારવા અને તે સમયે ૨.૫૦ રૂા. નિવેદમાં મુકવા. નિવેદ જાર્યા પછી મીંઢોળ છોડવો.

(૩) વહુને સિમંત આવે ત્યારે :

(૧) પંચમાસી બાંધવાના દિવસે નિવેદ કરી માતાજીની સામે રાખડી બાંધવી. નિવેદમાં ૨.૫૦ રૂા. મુકવા.

(૨) સિમંતના દિવસે નિવેદ કરવા તેમજ તે નિવેદમાં પણ ૨.૫૦ રૂા. મુકવા. સિમંતના દિવસે રાંદલમાંના બે લોટા તેટવા. તેમજ રાંદલમાતાની ૧૪ ગોરણી કરવી. પછી રાંદલમાંની સામે જ ખોળો ભરવાની વિધિ કરવી.

(૪) ઘરમાં દીકરો / દીકરી જન્મે ત્યારે સવા મહિના પછી (૪૦ દિવસ પૂરા) કુળદેવીના નિવેદ કરવા. તેમજ અનુકુળતાએ રાંદલમાંના બે લોટા સંતાન જન્મના તેડવા.

(૫) દીકરો હોય તો તેના ભણયાના ત્રણ વરસે માતાજીના નિવેદ તથા રાંદલમાંના બે લોટા તેડવા.

(૬) દીકરી કે દીકરાના લગ્ન વખતે પણ રાંદલમાંના બે લોટા તેડવા. દીકરીનાં લગ્નમાં લગ્ન લખાયા પછી એક વાર માતાજીના નિવેદ કરવા. તેમાં સવા રૂપિયો મુકવો.

(૭) હણોલ માતાજીની પાળે દર્શન કરવા જઈએ ત્યારે સાત શ્રીફળ મંદિરમાં અને બે વાવ પાસે વધેરવા. વાવ પાસે વધેરેલા શ્રીફળ અડધા વાવમાં પધરાવવા. આપણા કુળદેવીનું ખોડીયાર માઁ નું મૂળ સ્થાનક વાવમાં છે.

(૮) નવી વહુને પહેલી વખત માતાજીના દર્શન કરવા લઈ જઈએ ત્યારે અનુકુળતા હોય તો માતાજીની લાપસી કરવી. નહીં તો હોંશના પેંડા ધરવા.

ઉપર પ્રમાણે શાહ પરિવારમાં કુળદેવી ખોડિયાર માઁ ના આ પ્રમાણે નિવેદ થાય છે. માતાજીના કહેવાથી બધા ફેરફાર કરેલ છે.

(૯) વરસમાં એકવાર નવા તલ આવે ત્યારે સવા શેર તલ (૫૦૦ ગ્રામ) નો તલવટ ખાંડવો. અને પાણીયારે ફરતા નાગદેવતાના નામનો દીવો કરી ત્રણ ઢગલી કરવી. ત્રણ પાણીની ધારાવડી કરવી. તલવટ હોળી પહેલા જારવો.

(૧૦) દરેક નિવેદ વખતે અંબા માં નો દીવો કરી એક શ્રીફળ હોંશનું વધેરવું.